# મોસ્ટ ઈનોવેટીવ ૧૦૦ લોકોની યાદીમાં એટીપીએલ કંપનીને સ્થાન

## સુરત સ્થિત એસટીપીએલ કંપનીએ બે સમાચિન્હો પ્રાપ્ત કર્યા

**આહવા, તા. ૨૧**

સુરત શહેરના હીરા ઉદ્યોગ તથા ગુજરાત રાજ્ય અને સમગ્ર દેશ માટે ગૌસ્વરૂપ એ ઐતિહાસિક સીમાચિન્હ સુરતના નામે લખાયા છે. સુરત સ્થિત ડાયમંડ પ્રોસેસિંગનાં સોલ્યુશન્સ માટે વિશ્વ અગ્રણી એસટીપીએલ કંપનીને ફાળે આ બે ગૌરવપૂર્ણ સીમાચિન્હ નોંધાયા છે.

એસટીપીએલ કંપનીના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હેડ શઅરી મુંજાલ ગજ્જરને વિશ્વ પ્રસિદ્ધ પ્રકાશન દ્વારા ફોટોનિક્સ ઈન્ડસ્ટ્રીના ટોચના ૧૦૦, મોસ્ટ ઈનોવેટિવ લોકોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. ઈલેક્ટ્રો ઓપ્ટિકલ્સ નામનું પ્રકાશન જૂથ યુરોપમાં અને સમગ્ર વિશ્વમાં ફોટોન્કિસ ઉદ્યોગને સંબોધિત વિશ્વસનીય અને સચોટ માહિતી તથા વિશ્લેષણ પુરુ પાડવા માટે વિખ્યાત છે. આ મેગેઝિન દ્વારા ધ ફોટોન્કિસ ૧૦૦ નામે એક વાર્ષિક ાયદી જાહેર કરવામાં આવે છે. જેમાં જેમાં વિશ્વના ફકટ ૧૦૦ વ્યક્તિઓ સ્થાન પામતા હોય છે જેમને વિશ્વસ્તરે વિશિષ્ટ અને નોંધપાત્ર કામગીરી આપનારા લોકોને સન્માનિત કરવામાં આવે છે.